## કેર કાંટો વાગ્યો

હાંકે રાજા! વાવડીના પાણી ભરવા ગ્યાં'તાં...
મને કેર કાંટો વાગ્યો.
પેલા વડોદરાના વૈદડા તેડાવો, આડા પડદલા બંધાવો,
બા'રે ઢોલિયા ઢળાવો, મારા કાંટડિયા કઢાવો,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.
ઘરમાંથી રાંધણિયાને કાઢો, મારી ધુમાડે આંખ્યું દુઃખે,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો
ઘરમાંથી ઘંટડિયું ને કાઢો, દળતાં બાવડાં મારાં દુઃખે,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.
હાંકે રાજા! વાવડીના પાણી ભરવા ગ્યાં'તાં...
મને કેર કાંટો વાગ્યો.
મારી સાસુજી બહુ લડતી, વાતોમાં કજીયા કરતી,
તેથી જુદું રહેવા ચ્હાતી...
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.
હાંકે રાજા! વાવડીના પાણી ભરવા ગ્યાં'તાં...
મને કેર કાંટો વાગ્યો.
મારી નણદી બહુ બોલે, મને ગણતી તણખલા તોલે,
એનાં બચકલાં બંધાવો, એને સાસરિયે વળાવો;
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.
હાંકે રાજા! વાવડીના પાણી ભરવા ગ્યાં'તાં...
મને કેર કાંટો વાગ્યો.

------